બીન સરકારી માધ્યમિક શાળાઓને
અનુદાનની ચુકવણી ઇત્તરખર્ચની ગ્રાંટ
બાબત....

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક:જીએસી/૧૧૮૨/૧૯૧૧/ગ.
સચિવાલય, ગાંધીનગર.
તા.૨૬-૩-૮૨.

ઠરાવ ::--

રાજ્ય સરકારની હાલની નાણાંકીય મુશ્કેલીના કારણે ઘણાં બીન સરકારી માધ્યમિક શાળાઓને ઇત્તર ખર્ચની મળવાપાત્ર ગ્રાંટની રકમ ચાલુ નાણાંકીય વર્ષમાં સમયસર ચુકવવાનું શક્ય બન્યુ નથી. પરિણામે આવી સંસ્થાઓને ઘણી આર્થિક મુશ્કેલી પડી છે. સંસ્થાઓને સહન કરવુ ન પડે તે હેતુથી પ્રવર્તમાન નાણાંકીય નિયમોમાં છુટછાટ આપીને નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

(૧) જે જે બીન સરકારી માધ્યમિક શાળાના સંચાલકોને ચાલુ વર્ષે મળવાપાત્ર ઇતર ખર્ચની રકમ ચુકવી શકાણી નથી તે તે સંસ્થાઓને ચાલુ વર્ષની મળવાપત્ર ગ્રાંટની ફાળવણી આવતાં નાણાંકીય વર્ષ એટલે કે ૧૯૮૨-૮૩ દરમ્યાન એપ્રિલ ૧૯૮૨ ના પ્રથમ સપ્તાહમાં કરવી અને તે પ્રમાણે ચુકવવાની વ્યવસ્થા શિક્ષણ નિયામકશ્રીએ કરવી.

(૨) આવી શાળાઓના સંચાલકો આ ગ્રાંટનો ઉપયોગ <u>૩૧ મી મે ૧૯૮૨ સુધી કરી શકશે</u>.

(૩) આ છુટછાટ ફકત <u>ચાલુ નાણાંકીય વર્ષ</u> એટલે કે <u>૧૯૮૧-૮૨ માં</u> ચુકવવા પાત્ર ગ્રાંટ પુરતી જ આપવામાં આવે છે.

(૪) આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તારીખ ૨૫-૩-૮૨થી મળેલ મંજુરી અન્વયે કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

સહી :-
( સુભાષ .જ. પટેલ )
સેકશન અધિકારી,
શિક્ષણ વિભાગ.

/ધામેલિયા/૪/૮૨.